કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોકનં-૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક:ધ/અનદ-૩/ઉ.ના.સ./પરિપત્ર/૨૦૨૨/15737-15764 તા. 02/09/૨૦૨૨

:: વંચાણે લીધા ::

૧. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-૫, તા. ૦૫/૦૭/૨૦૧૧
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૧-૧૪૧૮-ગ, તા. ૦૨/૦૧/૨૦૧૨
૩. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-૫, તા. ૧૩/૧૦/૨૦૧૫
૪. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-૫, તા. ૦૭/૦૪/૨૦૧૬
૫ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૧૭-સુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-૩,તા. ૨૦/૦૭/૨૦૧૭
૬. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૬/૧૪૫૮/ગ, તા. ૦૪/૦૫/૨૦૧૮
૭. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-૩, તા. ૨૫/૦૬/૨૦૧૯
૮. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ધ/અનદ-૩/પરિપત્ર/ઉ.ના.સ./૨૦૧૯/૧૧૪૬૧-૯૫, તા. 30/૦૬/૨૦૨૦
૯. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-૫, તા. ૨૭/૦૭/૨૦૨૦

:: પરિપત્ર ::

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવથી ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં રહેમરાહે નિમણૂકને બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની યોજના અમલમાં આવેલ છે અને ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વખતોવખત ઠરાવો કરી સુધારા પણ કરવા પડેલ છે.

બિનસરકારી અનુદાનિત શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના અવસાનના કિસ્સામાં તેમના આશ્રિતને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી અંગેની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીઓ દ્વારા અત્રે રજૂ થાય છે આ અંગે અત્રેની કચેરી દ્વારા વખતોવખત સૂચનાઓ તથા માર્ગદર્શન આપવા અંગેના પત્રો પણ જિલ્લાની કચેરીઓને કરેલ છે છતા પણ અત્રેની સૂચના મુજબની દરખાસ્ત રજૂ કરવામાં આવતી નથી તથા શાળા દ્વારા રજૂ થયેલ દરખાસ્તની ચકાસણી કર્યા વિના જ અત્રે રજૂ કરવામાં આવે છે તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ દ્વારા ચેકલીસ્ટ મુજબના તમામ આધારો સામેલ છે તે સબબનું પ્રમાણપત્ર આપવામાં આવે છે પરંતુ તમામ આધારો સામેલ રાખવામા આવતા નથી. અને તે અંગે આ પ્રકારના કેસો અંગે પૂર્તતા સબબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓને પત્ર પાઠવવાના થાય છે તેથી દરખાસ્ત અંગે નિર્ણય કરવામાં વિલંબ થાય છે. જે ખૂબ જ ગંભીર બાબત છે.

આ પ્રકારના કેસોમાં અગાઉ અત્રેથી અગાઉ બહાર પાડવામાં આવેલ ચેકલીસ્ટ, પ્રમાણપત્રો અને એનેક્ષર મુજબ દરખાસ્ત રજૂ કરવામાં આવે છે. જેમાં અનુભવે જણાયું છે કે શાળા તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ સદર ચેકલીસ્ટ તથા અન્ય પ્રમાણપત્રો રજૂ કરવામાં મૂંઝવણ અનુભવતી હોય તેમ જણાય છે. જેથી આ કામગીરીને વધુ સરળ બનાવવા તથા

Scanned with CamSca

આશ્રિત અરજદારને સરકારશ્રીની રહેમરાહે ઉચ્ચક નાણાંકીય સહાય સમયમર્યાદામાં ચૂકવાઈ જાય તેવા ઉમદા આશયથી અગાઉના તમામ ચેકલીસ્ટ, પ્રમાણપત્રો અને એનેક્ષર રદ કરવામાં આવે છે. તથા હવે પછીના રહેમરાહે ઉચ્ચક નાણાંકીય સહાય મંજુર કરવાના થતા કેસોમાં આ સાથે સામેલ નવા ચેકલીસ્ટ, પ્રમાણપત્ર અને એનેક્ષર મુજબ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

વધુમાં, સ્વ. કર્મચારીના આશ્રિત અરજદાર નોકરી કરતા નથી તે અંગે આ સાથે સામેલ નિયત નમૂનામાં જ આશ્રિત પાસે સોગંદનામું તૈયાર કરાવી રજુ કરવાનું રહેશે.

આમ, ઉક્ત તમામ બાબતો ધ્યાને રાખી રહેમરાહે ઉચ્ચક નાણાંકીય સહાયના હવે પછી તમામ કેસોમાં અત્રે કરવાની થતી તમામ દરખાસ્તોમાં ઉપર દર્શાવ્યા મુજબની તમામ બાબતોની સંપૂર્ણ ચકાસણી બાદ જ અત્રે રજુ કરવાના રહેશે.

નોંધ પર મળેલ માન. નિયામકશ્રીના આદેશાનુસાર,

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

સિડાણ:- નવું ચેકલીસ્ટ, બે પ્રમાણપત્રો, એનેક્ષર - A થી D,
આશ્રિત નોકરી કરતા નથી તે અંગેના સોગંદનામાનો
નિયત નમૂનો

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ
- માન. નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી
- ઉપસચિવશ્રી, ગ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી, ગ.૧- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખાની સિલેક્ટ ફાઈલ

Scanned with CamSca